# ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં દાખલ કરેલ સેમિસ્ટર સિસ્ટમ અંગે શિક્ષકોના અભિપ્રાયો

રોહિણીબા હરીસિંહ પરમાર
વિદ્યાર્થી (પીએચ. ડી.) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
માર્ગદર્શક: શ્રી : પ્રો. કલાધર આર્ય

**૧.પ્રસ્તાવના**

સંશોધનના પાયામાં સંશોધનના હેતુઓ, માહિતીનું એકત્રીકરણ, અર્થઘટન અને તારણો રહેલાં છે. તારણો એ સંશોધન કાર્યની ફળશ્રુતિ છે. આમ પ્રસ્તુત પ્રકરણને સંશોધનની પ્રક્રિયામાં અંતિમ ચરણ માનવામાં આવે છે. જેનું મહત્વ અનેકગણું છે. સંશોધનના ઉદ્દેશોને કેટલા પ્રમાણમાં સિદ્ધ કરી શકયા એ બાબત આ પ્રકરણ દ્વારા જ સ્પષ્ટ થાય છે. કોઈપણ સંશોધન માર્ગદર્શનરૂપ ત્યારે જ બને છે કે જયારે સંશોધનમાં સારાંશ, તારણો, સુચનો અને ભાવી સંશોધનની દિશાઓ દર્શાવેલ હોય. તેથી પ્રસ્તુત પ્રકરણમાં સંશોધનનો સારાંશ, તારણો, સૂચનો અને ભાવી સંશોધનની દિશાઓની ચર્ચા કરવામાં આવી છે.

**૨.સંશોધનનો સારાંશ**

કોઈપણ સંશોધન કાર્યની પૂર્ણાહૂતી કરતાં પહેલાં તેની સમગ્ર રૂપરેખાની માહિતી સારાંશ સ્વરૂપે આપવી જરૂરી બને છે. જેને કારણે તે સંશોધન અંગેની માહિતી મળી રહે છે.

**૩.શીર્ષક**

ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં દાખલ કરેલ સેમિસ્ટર સિસ્ટમ અંગે શિક્ષકોના અભિપ્રાયો

**૪.અભ્યાસના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનમાં હેતુઓ નીચે મુજબ હતા.

સેમિસ્ટર સિસ્ટમ અંગે શિક્ષકોના અભિપ્રાયો માટેની અભિપ્રાયાવલિની રચના કરવી.

ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં દાખલ કરેલ સેમિસ્ટર સિસ્ટમ અંગે શિક્ષકોના અભિપ્રાયોની જાતિયતાના સંદર્ભમાં અસર તપાસવી.

ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં દાખલ કરેલ સેમિસ્ટર સિસ્ટમ અંગે શિક્ષકોના અભિપ્રાયોની શૈક્ષણિક અનુભવના સંદર્ભમાં અસર તપાસવી.

ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં દાખલ કરેલ સેમિસ્ટર સિસ્ટમ અંગે શિક્ષકોના અભિપ્રાયોની વિસ્તારના સંદર્ભમાં અસર તપાસવી.

**૫.અભ્યાસમાં સમાવિષ્ટ ચલ**

પ્રસ્તુત અભ્યાસ માટે પસંદ કરેલ સમસ્યાના ચલો નીચે મુજબ દર્શાવવામાં આવ્યા હતા.

| ક્રમ | ચલ | ચલના પ્રકાર |
|---|---|---|
| 1 | જાતિ : સ્ત્રી શિક્ષકો / પુરુષ શિક્ષકો | સ્વતંત્ર ચલ |
| 2 | વિસ્તાર : ગ્રામ્ય /શહેરી | સ્વતંત્ર ચલ |
| 3 | અનુભવ : 5 વર્ષ કે તેથી ઓછો / 5 વર્ષથી વધુ | સ્વતંત્ર ચલ |
| 4 | સેમિસ્ટર સિસ્ટમ અંગેના અભિપ્રાયો | પરતંત્ર ચલ |

પ્રસ્તુત અભ્યાસમાં ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં દાખલ કરેલ સેમિસ્ટર સિસ્ટમ અંગે શિક્ષકોના અભિપ્રાયો મેળવવા માટે જાતિ, વિસ્તાર અને શૈક્ષણિક અનુભવ જેવા ચલોના સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા.

**૬.અભ્યાસની મર્યાદા**

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસની મર્યાદાઓ નીચે મુજબ હતી.

૧. પ્રસ્તુત સંશોધન શૈક્ષણિક વર્ષ 2017-18 દરમિયાન આણંદ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો પૂરતું મર્યાદિત હતું.
૨. પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતી માધ્યમ સિવાય અન્ય માધ્યમની શાળાઓના શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો નથી.
૩. પ્રસ્તુત સંશોધન માટે સ્વરચિત અભિપ્રાયાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત ઉપકરણની મર્યાદા એ પ્રસ્તુત અભ્યાસની મર્યાદા હતી.

## ૭.સંશોધન પ્રકાર, ક્ષેત્ર અને પદ્ધતિ

### *૭.૧.સંશોધન પ્રકાર*

પ્રસ્તુત સંશોધનનો પ્રકાર વ્યાવહારિક સંશોધન છે.

### *૭.૨.સંશોધન ક્ષેત્ર અને પદ્ધતિ*

પ્રસ્તુત અભ્યાસ એ ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં દાખલ કરેલ સેમિસ્ટર સિસ્ટમ અંગે શિક્ષકોના અભિપ્રાયો જાણવાનો હતો. તેથી તે પ્રાથમિક શિક્ષણનું ક્ષેત્ર છે. જેમાં શાળા સર્વેક્ષણ પદ્ધતિનો સમાવેશ થયેલો છે.

## ૮.વ્યાપવિશ્વ અને નિદર્શ

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે વ્યાપવિશ્વ તરીકે આણંદ તાલુકાની શૈક્ષણિક વર્ષ 2017-18 દરમિયાન ઉચ્ચતર પ્રાથમિક વિભાગ ચલાવતી પ્રાથમિક શાળાઓમાં કાર્ય કરતા તમામ શિક્ષકોનો સામવેશ કરવામાં આવ્યો હતો તેમાંથી યાદચ્છિક સ્તરીકૃત પદ્ધતિથી કુલ 39 પ્રાથમિક શાળાઓના 204 શિક્ષકોને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

## ૯.સંશોધન ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસ એ ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં દાખલ કરેલ સેમિસ્ટર સિસ્ટમ અંગે શિક્ષકોના અભિપ્રાયો મેળવવા માટે સંશોધન ઉપકરણ તરીકે સ્વરચિત અભિપ્રાયાવલિનો ઉપયોગ કર્યો હતો. જેમાં 35 વિધાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ૧૦.અભ્યાસની ઉત્કલ્પનાની ચકાસણી

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબની ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી અને ચકાસણી કરવામાં આવી હતી.

| ઉત્કલ્પના ક્રમ | ઉત્કલ્પના | t- મૂલ્ય | સાર્થકતાની કક્ષા | સ્વીકાર/ અસ્વીકાર |
|---|---|---|---|---|
| $H_{01}$ | ઉચ્ચતર પ્રાથમિક વિભાગના સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોએ સેમિસ્ટર સિસ્ટમ અંગેની અભિપ્રાયાવલિ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય. | 0.95 | N.S. | સ્વીકાર |
| $H_{02}$ | ઉચ્ચતર પ્રાથમિક વિભાગના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના શિક્ષકોએ સેમિસ્ટર સિસ્ટમ અંગેની અભિપ્રાયાવલિ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય. | 5.76 | 0.01 | અસ્વીકાર |
| $H_{03}$ | ઉચ્ચતર પ્રાથમિક વિભાગના 5 વર્ષ કે તેથી ઓછો અનુભવ ધરાવતા અને 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોએ સેમિસ્ટર સિસ્ટમ અંગેની અભિપ્રાયાવલિ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | 2.11 | 0.05 | અસ્વીકાર |
| $H_{04}$ | ઉચ્ચતર પ્રાથમિક વિભાગના ગ્રામ્ય વિસ્તારના સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોએ સેમિસ્ટર સિસ્ટમ અંગેની અભિપ્રાયાવલિ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય. | 0.05 | N.S. | સ્વીકાર |
| $H_{05}$ | ઉચ્ચતર પ્રાથમિક વિભાગના શહેરી વિસ્તારના સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોએ સેમિસ્ટર સિસ્ટમ અંગેની | 0.55 | N.S. | સ્વીકાર |

| ઉત્કલ્પના ક્રમ | ઉત્કલ્પના | t- મૂલ્ય | સાર્થકતાની કક્ષા | સ્વીકાર/ અસ્વીકાર |
|---|---|---|---|---|
| | અભિપ્રાયાવલિ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | | | |
| $H_{06}$ | ઉચ્ચતર પ્રાથમિક વિભાગના ગ્રામ્ય વિસ્તારના 5 વર્ષ કે તેથી ઓછો અનુભવ ધરાવતા અને 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોએ સેમિસ્ટર સિસ્ટમ અંગેની અભિપ્રાયાવલિ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | 1.30 | N.S. | સ્વીકાર |
| $H_{07}$ | ઉચ્ચતર પ્રાથમિક વિભાગના શહેરી વિસ્તારના 5 વર્ષ કે તેથી ઓછો અનુભવ ધરાવતા 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોએ સેમિસ્ટર સિસ્ટમ અંગેની અભિપ્રાયાવલિ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | 2.66 | 0.01 | અસ્વીકાર |
| $H_{08}$ | ઉચ્ચતર પ્રાથમિક વિભાગના 5 વર્ષ કે તેથી ઓછો અનુભવ અને 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા સ્ત્રી શિક્ષકોએ સેમિસ્ટર સિસ્ટમ અંગેની અભિપ્રાયાવલિ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | 0.55 | N.S. | સ્વીકાર |
| $H_{09}$ | ઉચ્ચતર પ્રાથમિક વિભાગના 5 વર્ષ કે તેથી ઓછો અનુભવ અને 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા પુરુષ શિક્ષકોએ સેમિસ્ટર સિસ્ટમ અંગેની અભિપ્રાયાવલિ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | 2.16 | 0.05 | અસ્વીકાર |
| $H_{010}$ | ઉચ્ચતર પ્રાથમિક વિભાગના 5 વર્ષ કે તેથી ઓછો અનુભવ ધરાવતા પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોએ સેમિસ્ટર સિસ્ટમ અંગેની અભિપ્રાયાવલિ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | 1.09 | N.S. | સ્વીકાર |
| $H_{011}$ | ઉચ્ચતર પ્રાથમિક વિભાગના 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોએ સેમિસ્ટર સિસ્ટમ અંગેની અભિપ્રાયાવલિ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | 0.14 | N.S. | સ્વીકાર |

**૧૧.સંશોધનનાં તારણો**

અભ્યાસકે નમૂનાના પાત્રો પાસેથી અભિપ્રયાવલિ દ્વારા મળેલ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરતાં આ મુજબનાં તારણો મળ્યાં હતાં.

૧. ઉચ્ચતર પ્રાથમિક વિભાગના સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળતો નથી. આથી કહી શકાય કે સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકો સેમિસ્ટર સિસ્ટમ પ્રત્યે સમાન અભિપ્રાય ધરાવે છે.

૨. ઉચ્ચતર પ્રાથમિક વિભાગના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના શિક્ષકોના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો શહેરી વિસ્તારના શિક્ષકો કરતાં સેમિસ્ટર સિસ્ટમ પ્રત્યે વધારે હકારાત્મક અભિપ્રાય ધરાવતા હતા.

૩. ઉચ્ચતર પ્રાથમિક વિભાગના 5 વર્ષ કે તેથી ઓછો અનુભવ ધરાવતા અને 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળે છે. આથી કહી શકાય કે 5 વર્ષ કે તેથી ઓછો અનુભવ ધરાવતા શિક્ષકો કરતાં 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોમાં સેમિસ્ટર સિસ્ટમ પ્રત્યે વધારે હકારાત્મક અભિપ્રાય જોવા મળ્યા હતા.

૪. ઉચ્ચતર પ્રાથમિક વિભાગના ગ્રામ્ય વિસ્તારના સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળતો નથી. આથી કહી શકાય કે ગ્રામ્ય વિસ્તારના સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકો સેમિસ્ટર સિસ્ટમ પ્રત્યે સમાન અભિપ્રાય ધરાવે છે.

૫. ઉચ્ચતર પ્રાથમિક વિભાગના શહેરી વિસ્તારના સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળતો નથી. આથી કહી શકાય કે શહેરી વિસ્તારના સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકો સેમિસ્ટર સિસ્ટમ પ્રત્યે સમાન અભિપ્રાય ધરાવે છે.

૬. ઉચ્ચતર પ્રાથમિક વિભાગના ગ્રામ્ય વિસ્તારના 5 વર્ષ કે તેથી ઓછો અનુભવ ધરાવતા અને 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળતો નથી. આથી કહી શકાય કે 5 વર્ષ કે તેથી ઓછો અનુભવ ધરાવતા અને 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો સેમિસ્ટર સિસ્ટમ પ્રત્યે સમાન અભિપ્રાય ધરાવે છે.

૭. ઉચ્ચતર પ્રાથમિક વિભાગના શહેરી વિસ્તારના 5 વર્ષ કે તેથી ઓછો અનુભવ ધરાવતા અને 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળ્યો હતો. આમ 5 વર્ષ કે તેથી ઓછો અનુભવ ધરાવતા શિક્ષકો કરતાં 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શહેરી વિસ્તારના શિક્ષકો સેમિસ્ટર સિસ્ટમ પ્રત્યે વધારે હકારાત્મક અભિપ્રાય ધરાવતા હતા.

૮. ઉચ્ચતર પ્રાથમિક વિભાગના 5 વર્ષ કે તેથી ઓછો અનુભવ ધરાવતા અને 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા સ્ત્રી શિક્ષકોના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળ્યો છે. આમ 5 વર્ષ કે તેથી ઓછો અનુભવ ધરાવતા સ્ત્રી શિક્ષકો કરતાં 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા સ્ત્રી શિક્ષકો સેમિસ્ટર સિસ્ટમ પ્રત્યે હકારાત્મક અભિપ્રાય ધરાવે છે.

૯. ઉચ્ચતર પ્રાથમિક વિભાગના 5 વર્ષ કે તેથી ઓછો અનુભવ ધરાવતા અને 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા પુરુષ શિક્ષકોના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળ્યો નથી. આથી કહી શકાય કે 5 વર્ષ કે તેથી ઓછો અનુભવ ધરાવતા અને 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા પુરુષ શિક્ષકો સેમિસ્ટર સિસ્ટમ પ્રત્યે સમાન અભિપ્રાય ધરાવે છે.

૧૦. ઉચ્ચતર પ્રાથમિક વિભાગના 5 વર્ષ કે તેથી ઓછો અનુભવ ધરાવતા સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળતો નથી. આથી કહી શકાય કે 5 વર્ષ કે તેથી ઓછો અનુભવ ધરાવતા સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકો સેમિસ્ટર સિસ્ટમ પ્રત્યે સમાન અભિપ્રાય ધરાવે છે.

૧૧. ઉચ્ચતર પ્રાથમિક વિભાગના 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોના પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળતો નથી. આથી કહી શકાય કે 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકો સેમિસ્ટર સિસ્ટમ પ્રત્યે સમાન અભિપ્રાય ધરાવે છે.

## ૧૨.ઉપસંહાર

કોઈપણ દેશની પ્રગતિનો આધાર શિક્ષણ છે. શિક્ષણ એ એક એવું પાછું છે કે જે દેશને વિશ્વના વિકસિત દેશોની હરોળમાં મૂકી શકે છે. આથી સરકાર પણ શિક્ષણ પાછળ કરોડો રૂપીયાનો ખર્ચ કરે છે અને નવી નવી પદ્ધતિઓ અમલમાં મુકે છે.

## સંદર્ભ સૂચી


૧. Agrawal, J.C. (2006). Educational research, (Second Editon),Arya Book Depot George, Cynthia, P.No.204.

૨. Best, J.W. and J.V.Kahn (1995). Research in Education, (7th Edition),New Delhi : Prentience hall of india, Pvt. Ltd. P.No.89

૩. Manroe, W.S. and M.D. Engelhards (1928). The Techinques of Educational .Research. Urbana- III, Bureau of Educational. Research, University of .Indian, Bulletine No. 38, P.No.14.

૪. Sukhia, S.P. & R.N. Mehrotra (1966). Elements of Education Research. Bombay: Allied Publishers Pvt. Ltd, P.No.155.

૫. ઉચાટ, ડી.એ.(2010). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.રાજકોટઃ શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

૬. ત્રિપાઠી, સુરેન્દ્રનાથ. (1930). પ્રતિભા અને સર્જનાત્મક.(પ્રથમ આવૃત્તિ), મુંબઈઃ ધ મેક .મિલન કંપની લિમિટેડ.

૭. ત્રિવેદી, મનુભાઈ દ. અને ભગવાનલાલ યુ.પારેખ (1989). શિક્ષણમાં આંકાડાશાસ્ત્ર. અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ.

૮. દોંગા, એન.એસ.(1995). અધ્યાપન મનોવિજ્ઞાન. રાજકોટ : નિજિજન સાઈકો.સેન્ટર, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી.

૯. દેસાઈ, કે.જી.(1989). સંશોધનની પદ્ધતિઓ અને પ્રવિધિઓ.અમદાવાદઃ.યુનિવર્સિટી ગ્રંથ .નિર્માણ બોર્ડ.

૧૦. દેસાઈ, કે.જી. અને આર.પી.શાહ (1984). શૈક્ષણિક પરિભાષા અને વિભાવના (દ્વિતીય આવૃત્તિ), અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજય.